જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૮/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૨૮૨/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૦૫ | ૪૫ | ૧૦૩૫૦ | ૧૬૩૫૯ | ૪૫ | ૧૬૪૦૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૫ | ૦ | ૪૩૩૫ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૧ | ૪૪ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૩૮૯૧ | ૫૫ | ૧૩૯૪૬ | ૧૪૪૦૦ | ૪૫ | ૧૪૪૪૫ |
| કુલ | | ૨૮૫૭૪ | ૧૦૧ | ૨૮૬૭૫ | ૩૬૮૧૩ | ૯૦ | ૩૬૯૦૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૧ | ૮,૮૧,૮૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૯૪૫ | ૫,૮૯,000/- |

# મોબાઇલ ચોરીના આરોપીની અટકાયતની વિગત

## કાલુપુર પોલીસ સ્ટેશન :-

## કાલુપુર પોલીસ સ્ટેશનના મોબાઇલ ચોરીના ગુનાના આરોપીને પકડી ગુનો ડીટેક્ટ કરતી કાલુપુર પોલીસ

મે.પો.કમી.સા.શ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર.શ્રી સેકટર-૧ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ નાઓની સુચનાથી અને મે.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ડી" ડીવીઝન સાહેબ તથા કાલુપુર સિનીયર પોલીસ ઇન્સપેકટર આર.જી.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી અનડીટેક ગુન્હા શોધી કાઢવા સારુ ઝવેરીવાડ પોલીસ ચોકી પો.સબ.ઇન્સ પી.એમ.ચૌધરી સાહેબ તથા અ.પો.કો પ્રવિણકુમાર ડાયાભાઇ બ.નં-૩૦૮૯ તથા અ.લો.ર રાજેશકુમાર બાબુભાઇ બ.નં-૧૦૯૨ તથા અ.લો.ર. અભયકુમાર ભરતભાઇ બ.નં-૧૧૫૨ તથા અ.લો.ર સહદેવસિંહ જેઠીભા બ.નં-૪૦૮૬ વિગેરે સ્ટાફના માણસો સાથે ઝવેરીવાડ પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કાલુપુર રીલીફ રોડ મુર્તીમંત કોમ્પલેક્ષની આગળ આવતા સાથેના અ.પો.કો પ્રવિણકુમાર ડાયાભાઇ બનં-૩૦૮૯ તથા અ.લો.ર.રાજેશકુમાર બાબુભાઇ બ.નં-૧૦૯૨ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે **કાલુપુર પોલીસ સ્ટેશન પાર્ટ-A ગુ.ર.નં-૧૧૧૯૧૦૨૬૨૦૦૦૭૩/૨૦૨૦ ઇપીકો કલમ-૩૭૯(એ)(૩)** મુજબના ગુનાના કામે MI રેડમી કંપનીનો Y-2 મોડલનો સિલ્વર કલરનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન જેનો IMEI નં.869798038035332 તથા 869798038035340 નો છે જેની હાલની કિંમત આશરે ૫૦૦૦/- ની ગણી શકાય તેટલી મત્તાનો ચોરીનો મુદ્દામાલ સાથે સદર ગુનાના મોબાઇલ ચોર આરોપી સલીમઅહેમદ ઝાકીરઅહેમદ અન્સારી ઉ.વ.૩૨ રહેવાસી-મ.નં-સી/૧ નાલીયાવાળી ચાલી સરસપુર મીલ-૨ ની પાસે ગોમતીપુર અમદાવાદ શહેર નાને ઉપરોક્ત ગુનાના કામે આજરોજ તા-૦૧/૦૮/૨૦૨૦ ના ક-૧૦/૦૦ વાગે પકડી પાડી પુછપરછ કરતા આરોપીએ આ મોબાઇલ ફોન તા.૧૨/૦૩/૨૦૨૦ ના રોજ રાતના દસેક વાગ્યાના સુમારે પોતે કાલુપુર રતનપોળ માંથી પસાર થતો હતો તે વખતે એક્ટીવા ગાડી પુર ઝડપે હંકારી લઇ આવી સદર ફરીયાદીની નજીકથી પસાર થઇ તેમના હાથમાનો મોબાઇલ ફોન ઝુંટવી લઇ જઇ નાસી ગયેલાનુ કબુલાત કરતા જે બાબતે અત્રે પો.સ્ટે.ઉપરોકત નંબરથી ગુનો દાખલ થયેલ હોય જે ચોરીનો ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.તા.૧/૦૮/૨૦૨૦



# <u>પેરોલ જમ્પના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશન :-</u>**

## <u>પેરોલ ફરાર આરોપીને પકડવા બાબત</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં નાસતા-ફરતા/વોન્ટેડ/પેરોલ જંમ્પ કરેલ આરોપીઓને પકડવા સારૂ મળેલ સુચના આધારે

ગોમતીપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડનાં પો.સબ.ઈન્સ એસ.આઈ.રઈશ તથા પો.કો ભરતસિંહ મનુભાઈ બ.નં ૯૯૭૬ તથા પો.કો ભગીરથસિંહ વિક્રમસિંહ બ.નં ૧૩૦૮૭ તથા લો.ર હર્ષદભાઈ નગીનભાઈ બ.નં ૧૨૬૪૯ તથા લો.ર સૈફ્લખાન રશીદખાન બ.નં ૧૧૭૦૯ એ રીતેના સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન પો.કો ભરતસિંહ મનુભાઈ તથા લો.ર હર્ષદભાઈ નગીનભાઈ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે ગોમતીપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.-૬૯/૨૦૧૩ ધી ઈ.પી.કો કલમ ૩૭૬,૩૬૩,૩૬૬ મુજબના કામે પેરોલ ફરારી આરોપી (પાકા કેદી નંબર એસ/૧૪૪૬૨) શાહરૂખ સ/ઓ મહમદ ખલીફ રજાક શેઠ અન્સારી ઉ.વ ૩૨ રહે ચાર તોડા કબ્રસ્તાનના કાચા છાપરામા બડી મસ્જીદની સામે હાથીખાઈ ગોમતીપુર અમદાવાદ શહેર નાનો પોલીસ મહા નિર્દેશક જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી ગુજરાત રાજ્યનાં હુકમ ક્રમાંક નં જ્યુડી/પરલ/૩૭૫૬/૨૦૨૦ તારીખ ૦૬/૦૫/૨૦૨૦ હુકમથી તારીખ ૧૪/૦૫/૨૦૨૦ ના રોજ દિન ૩૦ ની પેરોલ રજા ઉપર આવેલ હોય અને પેરોલ રજા પૂરી થયા બાદ સાબરમતી મધ્યસ્થ જેલમાં હાજર થયેલ ન હોય અને નાસતો ફરતો હોય સદરી આરપીને તારીખ ૩૧/૦૭/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે ડી ટેઇન કરી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે તારીખ ૦૧/૦૮/૨૦૨૦

# જુગારના આરોપીની અટકાયતની વિગત

## સરદારનગર પોલીસ સ્ટેશન :-

## જુગારનો ગણના પાત્ર કેસ પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સબ.ઇન્સ.એમ.જી.ઢોડીયા તથા પો.સ.ઇ એમ.સી.જાડેજા નાઓ સાથે સર્વેલંસ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના મ.સ.ઇ રઘુભાઇ વિઠ્ઠલભાઇ બ.ન-૧૩૪૭૯ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે ગેલેક્ષી અંડરબ્રીજ પાસે સત્કાર ફ્લેટ ની સામે શ્રીરામ સિરામીક ના ખુલ્લા પ્લોટમા લીમડા નીચે ખુલ્લી જગ્યામાં જાહેરમા ગોળ કુડાળુ વાળી પૈસા પાના થી હારજીતનો જુગાર રમીરમતા જુગાર દાવના તથા અંગઝડતી ના નાણા- ૪૧,૨૪૦/- તથા મોબાઇલ ફોન- ૬ જેની કિમંત રુપીયા ૧૦,૪૦૦/ તથા ગંજીપાના ૨૦૮ કિંમત રૂ ૦૦/૦૦ તથા એક એક્ટીવા જેની કિમંત રુપીયા-૨૫૦૦૦/- તથા કુલ્લે મુદ્દામાલ;- ૭૬,૬૪૦ /- ની મત્તા સાથે જુગાર રમી રમતા કુલ-૧૦ આરોપીઓ વિરુધ્ધમાં જુગાર ધારા કલમ-૧૨ મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.તારીખ- ૩૧/૭/૨૦૨૦

આરોપીઓના નામ;- (૧) પ્રકાશભાઇ ભગવતીભાઇ જાતે-વણકર ઉવ-૪૨ રહે-સત્કાર ફ્લેટ ની સામે આઇટીઆઇ ની બાજુમા શ્રીરામ સિરામીક કુબેરનગર અમદાવાદ શહેર (૨)યાસીનખાન હબીબખાન જાતે-પઠાણ ઉ.વ-૫૨ રહેવાસી-કસ્બાવાસ,પરમાર હોલની બાજુમા ગામ-પેથાપુર તા.જી.ગાંધીનગર (૩)સુનીલકુમાર કાંતીલાલ જાતે-પટેલ ઉવ-૪૩ રહે-૨૦,જગદંબા સોસયાટી,બીગબજાર પાછળ આણંદ (૪) અમરતભાઇ સોમાભાઇ જાતે-કટારા ઉવ-૬૨ રહેવાસી-ગરાસીયા વાસ રંજનબેન ના મકાનમા ભાડેથી ઓઢવગામ અમદાવાદ શહેર (૫) વિષ્ણુભાઇ શંકરભાઇ જાતે-પટેલ ઉવ-૫૯ રહેવાસી-બી/૨૦૨,રત્નરાજ સોસાયટી સરગાસણ ગાંધીનગર (૬)રાજેશભાઇ રામકુપાલ જાતે-શર્મા ઉવ-૪૯ રહેવાસી-૭૦૦,કુષ્ણનગર, લક્ષ્મીનગર સાબરમતી અમદાવાદ શહેર (૭) વિનોદભાઇ કેશવલાલ જાતે-પરમાર ઉવ-૫૪ રહેવાસી-ધનજીભાઇ ની ચાલી લક્ષ્મીનગર ની આગળ છેલ્લા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર અમદાવાદ શહેર (૮)મહેન્દ્રસિંહ ભુરુભા જાતે-ચુડાસમા ઉવ-૬૩ રહેવાસી-મ.ન-૧૬૨, લક્ષ્મીનગર ચાલી શર્મા કંપની ની સામે નેશનલ હાઇવે-૮ ની સામે નરોડા અમદાવાદ શહેર (૯)ઇનાયતહુસેન આશિકહુસેન જાતે-કાઝી ઉવ-૫૧ રહે-૧૫/૬ મ્યુનિસિપલ કવાટર શાહપુર દરવાજા દુધેશ્વર રોડ અમદાવાદ શહેર (૧૦) પ્રવિણભાઇ ભુદરભાઇ જાતે-સોલંકી ઉ.વ ૬૧ રહેવાસી-મ.ન-બી/૧/એફ,કૈલાષધામ એપાર્ટમેન્ટ આઇટીઆઇ કોલેજની પાછળ સેકટર-૧૫ ગાંધીનગર

<u>મુદ્દામાલ;-</u> (૧) અંગઝડતી તથા દાવના નાણા મળી કુલ્લે રૂ ૪૧,૨૪૦/- (૨) ગંજીપાના નંગ ૨૦૮ કિંમત રૂ ૦૦/૦૦ (૩) મોબાઇલ નંગ-૬ જેની કિમંત રુપીયા ૧૦,૪૦૦/- (૪) એક એક્ટીવા જેની કિમંત રુપીયા-૨૫૦૦૦/- મળી કુલ્લે મુદ્દામાલ;- ૭૬,૬૪૦ /-

<u>કામગીરી કરનાર અધીકારી/કર્મચારી;-</u> (૧) પોલીસ ઇન્સપેક્ટર એચ.બી.પટેલ (૨) પો.સબ.ઇન્સ એમ.જી.ઢોડીયા (૩)પો.સ.ઇ એમ.સી.જાડેજા (૪) મ.સ.ઇ રઘુભાઇ વિઠ્ઠલભાઇ બ.ન-૧૩૪૭૯ (૫) અ.હે.કો અનીલ બાલકૃષ્ણ બ.ન. ૩૯૧૭ (૬)અ.હે.કો ગૌતમભાઇ કચરાભાઇ બ.ન-૯૩૬૫ (૭) અ.પો.કો.કિરણભાઇ ચંદુલાલ બ.ન.૫૭૭૦ (૮) અ.પો.કો પ્રજ્ઞેશભાઇ કાનજીભાઇ બ.ન-૫૮૭૭ (૯) અ.લો.ર ચેતનભાઇ હાજાભાઇ બ.ન-૧૨૮૬૩ (૧૦) અ.લો.ર અમરતભાઇ ઉમાજી બ.ન-૧૧૯૨૫ વિગેરે.



# પાસાના આરોપીની અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશનના ગુનાનાની આરોપી બહેનને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર ડી.જે.ચુડાસમા તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર આર.આર.દેસાઈ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્રોહીબીશનના ગુનામાં પકડાયેલ આરોપણ બહેન નામે અંજલી તે સંજય દેવરાજ નાઓની વિધવા પત્ની જાતે રાઠોડ(છારા) ઉ.વ.૨૬ રહે.માચીસ ગલી, સૈનુભાઈના મકાનમાં ભાડેથી, છારાનગર, કુબેરનગર,સરદારનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ C ગુ.ર.નં.૧૧૧૯૧ ૦૩૩૨૦૦૫૯૫/૨૦૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબનો ગુનો નોંધાયેલ હોય સદરી આરોપણ બહેન વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૧૭/૨૦૨૦ તા.૨૧/૦૭/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ લાજપોર સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી બહેનની આજરોજ તા.૩૧/૦૭/૨૦૨૦ ના કલાક ૧૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ લાજપોર સુરત" ખાતે મોકલી આપેલ છે.તા.૩૧/૦૭/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) સર્વેલન્સ સ્કોડ પ્રો.પો.સ.ઇ. વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક રિતેષ નંદલાલ બ.નં.૧૧૬૪૫

## નારોલ પોલીસ સ્ટેશન :-

## પ્રોહિબિશનની પ્રવુત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી સુરત જેલ મોકલી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી રાજનકુમાર અશોકભાઇ તળપદા ઉ.વ.૨૧ રહે. જુનો મહેલ્લો કુલબાઇમાતા મંદિર સામે ચકલાસી ભાગોળ નડીયાદ નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૫૯૫/૨૦૨૦ તા.૩૧/૦૭/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી આજરોજ કલાક – ૧૪/૧૫ વાગ્યે કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે લાજપોર સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા.૩૧/૦૭/૨૦૨૦

## સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-

**પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.**

**પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭**



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૧૮૩ લીટર દેશી દારૂ, ૫૬ બોટલ ઈંગ્લીશ દારૂ ૧૯૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૪૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૯,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૨૮૫/૨૦૨૦**

શાહીબાગ : નિસર્ગભાઇ સુનિલભાઇ શાહ (ઉ.વ.૨૬)(રહે.ન્યુ પી.જી.હોસ્ટેલ સીવીલ હોસ્પીટલ અસારવા શાહીબાગ) એ તા.૩૧/૦૭/૨૦૨૦ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૭/૨૦૨૦ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે અસારવા સિવિલ હોસ્પિટલ લાઇબ્રેરી ખાતે એક્ષીસ બેંકના કોલર પુજા જેમનો મોબાઇલ નંબર- ૭૦૫૫૦૩૫૬૯૬ છે તેમણે નિસર્ગભાઇ ના મોબાઇલ નંબર ઉપર ફોન કરી જણાવેલ કે “હું તમારી એક્ષીસ બેંક માંથી કોલ આસીસ્ટંટ પુજા શર્મા બોલુ છું, તમારૂ ક્રેડીટ કાર્ડ એકટીવેટ કરવાનું છે” તેમ કહી નિસર્ગભાઇને વિશ્વાસમાં લઇ તેમના ક્રેડીટ કાર્ડ નો નંબર લઇ, ક્રેડીટ કાર્ડ માંથી પ્રથમ રૂપીયા ૪૦,૪૦૦/- અને ત્યારબાદ રૂપિયા ૩૫,૩૫૦/- મળી કુલ રૂપીયા ૭૫,૭૫૦/- ઉપાડી લઇ નિસર્ગભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.કે.પટેલ ચલાવે છે.

સેટેલાઇટ : દિગ્વીજય સુરેન્દ્ર અમરનાથ (ઉ.વ.૨૪)(રહે.આશાવરી ટાવર વાઇડ એંગલ સીનેમા પાછળ, સેટેલાઇટ) એ તા.૩૧/૦૭/૨૦૨૦ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૫/૨૦૨૦ ના કલાક ૮/૦૦ થી સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ કેન્યુગ ચાર રસ્તા પાસે, હીમાલી ટાવરમા દુકાન નંબર જી-૦૯ અને જી-૧૦ માં આવેલ શીવશક્તી ગેસ એજંન્સીની ઓફિસમાં કામ કરતો આરોપી કિસ્મતભાઇ રામસીંગભાઇ ઠાકોર (રહે.સુર્યાનગર જોગણી માતાના મંદીર ની સામેની ચાલીમા, રેડીઓ મીર્ચી રોડ, વેજલપુર) એ દિગ્વીજયભાઇ ની શીવ શક્તી ગેસ એજંન્સીની ના ગેસ બાટલાના વેચાણના નાણા પૈકી કુલ રૂપિયા ૮૨,૧૮૩/- ઓછા જમા કરાવી બાદમા રૂપિયા ૩૨,૦૦૦/- જમા કરાવી બાકી લેણા રૂપિયા ૫૦,૧૮૩/- આજદિન સુધી જમા નહી કરાવી વિશ્વાસઘાત કરી નાસી ગયેલ છે. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.મહેશ્વરી ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૨૮૬/૨૦૨૦**

સરખેજ : હુસેનઅબ્બાસ આબીદઅલી મોમીન (ઉ.વ.૪૦)(રહે.સાજીદ પાર્ક સોસાયટી, તવક્કલ સોસાયટીની પાછળ, મકરબા સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૭/૨૦૨૦ ના કલાક ૦૦/૩૦ થી સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન સરખેજ સનાથલ સર્કલ પાસે આવેલ રુદ્ર એસ્ટેટમાં આવેલ હાર્ટી માર્ટ એન્ટરપ્રાઈઝ પ્રા.લી નામના હુસેનઅબ્બાસ નાઓના ગોડાઉનની દિવાલ ઉપર લગાવેલ પતરૂ ખોલી બાંકોરૂ કરી, કોઇ અજાણી વ્યક્તિ ગોડાઉનમા પ્રવેશ કરી, લેપટોપ, મોબાઈલ ફોન, કેમેરો તથા અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપીયા ૭૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.આસનાણી ચલાવે છે.

એરપોર્ટ : રામસુખભાઇ હીરાલાલ કોરી (ઉ.વ.૩૮)(રહે.શિવશક્તિનગરના છાપરા, ભીલવાસ, એરપોર્ટ દિવાલ પાસે, સરદારનગર)એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૦ રાતના ૧૧/૩૦ થી તા.૩૧/૦૭/૨૦૨૦ ના કલાક ૦૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમમા મુકેલ બે મોબાઇલ ફોન તથા પાકીટમા મુકેલ સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપીયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પ્રજાપતિ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૮૭/૨૦૨૦**

ચાંદખેડા : શિવાંગીબેન વા/ઓ નિશીથભાઇ મકવાણા (ઉ.વ.૨૭)(રહે.સેવીસ્વરાજ પ્રગતી સોસાયટી ગોદરેજ ગાર્ડન સીટી ની સામે, જગતપુર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૭/૨૦૨૦ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા રાતના ૯/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી